dakshinayan
UNIVERSITY NEWS LETTER
દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

February 2012 For private circulation only Vol. 04 - Issue 76

# દીપે અરુણું પરભાત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ૪૩મા પદવીદાન સમારંભના અધ્યક્ષા મહામહિમ કુલાધિપતિશ્રી અને માનનીયા રાજ્યપાલ મહોદયા ડૉ. કમલાજી, ગુજરાતના અનન્ય રાજપુરૂષ અને સમગ્ર ગુજરાત જેમને અપૂર્વ વિકાસપુરૂષ તરીકે સન્માને છે અને રાષ્ટ્રપુરૂષ તરીકે જોવા ઉત્સુક છે તેવા જનહૃદયસ્થિત માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ, મારા સદાયના સાથી એવા માનનીય સેનેટ-સિન્ડિકેટના સભ્યશ્રીઓ, કુલસચિવશ્રી, પરીક્ષા નિયામકશ્રી, સુરતના પ્રથમ નાગરિક મેયરશ્રી રાજુભાઈ, માનનીય સંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, આચાર્યમિત્રો, અધ્યાપકમિત્રો, ટ્રસ્ટીશ્રીઓ, નગરના શ્રેષ્ઠીશ્રીઓ, યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ અને આમંત્રિત મહેમાનો, પત્રકાર મિત્રો, આજનો આ સમારંભ જેમને માટે યોજાયો છે તેવા દીક્ષાર્થી યુવાન ભાઈ-બહેનો તથા વિશેષ ઉલ્લેખનીય અભિનય સમ્રાટ પદ્મશ્રી માનનીય ઉપેન્દ્ર ત્રિવેદી અને કવિવરશ્રી સ્વ. ઉશનસના પ્રતિનિધિ. આપ સૌના સ્વાગતમાં શાયર ગની દહીંવાલાના શબ્દો :

"તમારા અહીં આજ પગલાં થવાનાં ચમનમાં બધાને ખબર થઈ ગઈ છે
ઝુકાવી છે ગરદન બધી ડાળીઓએ ફૂલોની યે નીચી નજર થઈ ગઈ છે.
ઉપસ્થિત તમે છો તો લાગે છે ઉપવન કલાકારનું ચિત્ર સંપૂર્ણ જાણે
તમે જો ન હો તો બધા કહી ઊઠે કે વિધાતાથી કોઈ કસર થઈ ગઈ છે."

જય જય ગરવી ગુજરાતનો નાદ જગાવનાર અર્વાચીનોમાં આદ્ય એવા કવિ નર્મદની આજે પુણ્યતિથિ છે. આ નિમિત્તે હું વીર કવિ નર્મદને હૃદયાંજલિ અર્પણ કરું છું.

ગુરૂદેવ ટાગોરની હાલ શાર્ધ જન્મ શતાબ્દિ ઉજવાઈ રહી છે ત્યારે એમના યુનિવર્સિટી વિશેના વિચારો અંકે કરવા જેવા છે. :

"વિશ્વવિદ્યાલયમાં વિદ્વાનોનું આસન હોય છે. વિશ્વવિદ્યાલય એ સાધનાનું ક્ષેત્ર છે. આ સાધના વિદ્યાની સાધના છે."

- શિક્ષણની મદદથી માનવનિર્માણ
- માનવનિર્માણ દ્વારા રાષ્ટ્રનિર્માણ એ યુનિવર્સિટીનો પ્રધાન ઉદ્દેશ છે.
- જેના ઘટમાં ઘોડા થનગને છે, આકાશને આંબવાની તાલાવેલી જેના હૈયે છે એવા યુવાનો અહીં જ્ઞાન ઉપાસના કરે છે.
- યુવાન દોસ્તો,

  માત્ર પેટ માટે નહીં દેશ માટે જીવવાનું છે.

  સ્વ માટે જીવવાનો સંકુચિત ખયાલ છોડી સર્વ માટે જીવતા શીખવાનું છે.

  જિંદગીની પ્રત્યેક ક્ષણ આનંદમય હોવી જોઈએ...

  પણ એ આનંદમાં વિવેક ભળે તો જ બને વિવેકાનંદ.

સરદાર પટેલે કહ્યું છે :

"ચારિત્ર્ય વિનાનું શિક્ષણ કશા કામનું ન ગણાય."

જિંદગીના સિક્કાની બે બાજુઓ છે :

એક તરફ જ્ઞાન અને બીજી તરફ સંસ્કાર

સાચો સિક્કો બન્ને બાજુએ ઉજળો હોવો જોઈએ.

- સારું બી ખરાબ જમીનમાં ન ઉગે, ખરાબ બી સારી જમીનમાં ન ઉગે

  જમીન અને બી બન્ને સારાં હોવા જોઈએ !!

  આપણી આ યુનિવર્સિટી ઉત્તરોત્તર પ્રગતિ કરી રહી છે તેના આપ સૌ સાક્ષી છો.
- ગુજરાતી વિભાગની ખોટ વર્તાતી હતી તે હવે પૂરી થઈ છે. સ્વતંત્ર ગુજરાતી વિભાગને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા મંજુરીની મહોર લાગવાથી સમગ્ર દક્ષિણ ગુજરાત અને ગુજરાતીઓને રાજી રાજી કરી દીધા છે. આ ગુજરાતી વિભાગના બાંધકામ માટે શ્રી હિતેશભાઈ પટેલ, ભરથાણા-વેસુ, સુરત તરફથી રૂા. ૨ કરોડનું દાન આપવામાં આવ્યું.
- દિકરીઓ માટે રૂા. ૨ કરોડના ખર્ચે હોસ્ટેલનું નિર્માણ થઈ રહયું છે.
- અદ્યતન પ્રવેશદ્વાર નિર્માણાધીન છે.
- મા સરસ્વતી / સ્વામી વિવેકાનંદના મંદિરો પણ બની રહયા છે.

  શ્રીમતી વસનબેન અને શ્રી માધવજીભાઈ પ્રેમજીભાઈ સવાણી તથા શ્રી ધર્મેન્દ્રભાઈ સવાણી તરફથી સરસ્વતી સાધના કેન્દ્ર માટે રૂા. ૨૧ લાખનું દાન મળેલ છે.
- શ્રીમતી રેખાબેન તથા શ્રી જસમતભાઈ નાનુભાઈ વીડીયા તરફથી વિવેકાનંદ કેન્દ્ર માટે રૂા. ૨૧ લાખનું દાન મળેલ છે.
- રામા ઈન્ટરનેશનલના શ્રી મુરલી મુંદ્રા તરફથી બાગ-બગીચા તૈયાર કરવામાં આવી રહયા છે.
- શ્રી માધવજીભાઈ પટેલ, લેન્ડમાર્ક કોર્પોરેશન તરફથી નર્મદ ભવન ખાતે લેન્ડમાર્ક હોલ બનાવવામાં આવી રહયો છે.

- બિકાનેર જૈન સમાજ તરફથી રૂા. ૫ લાખના બાકડા યુનિવર્સિટીને ભેટ આપવામાં આવ્યા છે.
- બાગ-બગીચાઓ અને તળાવ નવનિર્માણ પામી રહ્યા છે જે માટે પૂજ્યશ્રી મોટાના આશ્રમ તરફથી રૂા. ૭ લાખનું દાન મળ્યું છે.
- હું જાણું છું કે ભૌતિક સુવિધા તો સોનાના પાંજરા છે એમાં પ્રાણરૂપ પંખી જ્ઞાન-વિદ્યા છે. યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક ભવનોના અને સંલગ્ન કોલેજોના અધ્યાપકો વિષય સજ્જતા માટે સતત કાર્યરત અને અભ્યાસરત રહે છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સેમિનાર્સમાં એમના પેપર્સ સ્વીકૃતિ પામ્યા છે અને પ્રસિધ્ધ પણ થયા છે એ સૌને હું અભિનંદન આપું છું.
- યુનિવર્સિટી અનુસ્નાતક ભવનો દ્વારા ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ તેમજ રાષ્ટ્રીય અને આંતર-રાષ્ટ્રીય કક્ષાના સેમિનારોનું આયોજન થઈ રહ્યું છે.
- ૨૦૧૦-૧૧ના વર્ષમાં આપણી યુનિવર્સિટી દ્વારા આંતર યુનિવર્સિટી વેસ્ટ ઝોન બેડમિન્ટન અને ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું અને આ બન્ને સ્પર્ધાઓમાં આપણી યુનિવર્સિટી ચેમ્પિયન બની.
- ઈન્ટર યુનિવર્સિટી બેડમિન્ટન બહેનોની સ્પર્ધામાં સમગ્ર ભારતભરમાં આપણી યુનિવર્સિટી ચેમ્પિયન બની. આજ ટીમની બે ખેલાડી બહેનો કુ. વૈશાલી બારિયા અને કુ. પ્રિયાના પટેલ ઈન્ડિયન યુનિવર્સિટીઝ નેશનલ ટીમમાં પસંદગી પામ્યા. કુ. વૈશાલી બારિયા સતત બીજીવાર રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામ્યા અને વિશ્વ યુનિવર્સિટીઝની સ્પર્ધામાં ચીન રમવા ગયા.
- બોક્ષિંગમાં શ્રી કરણવીર સિંહે રાષ્ટ્રીય કક્ષાએ રજત ચંદ્રક મેળવ્યો.
- યુનિવર્સિટીના યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણના સહાયક નિયામકશ્રી કપિલદેવ શુકલને આ વર્ષે ગુજરાત સરકાર તરફથી ગૌરવ પુરસ્કાર એનાયત થયો છે જે સમગ્ર યુનિવર્સિટી માટે ગૌરવપ્રદ ઘટના છે.
- યુનિવર્સિટીના વિશાળ કેમ્પસની સુરક્ષા માટે સમગ્ર કેમ્પસમાં સી.સી. ટી.વી. કેમેરાથી સજ્જ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. યુજીસી અને રાજ્ય સરકાર દ્વારા પણ સમયાંતરે વિવિધ પ્રકારની ગ્રાંટ મળતી રહી છે.
- યુજીસી દ્વારા કેમીસ્ટ્રી ડિપાર્ટમેન્ટને રૂા. ૩૯ લાખ, કમ્પ્યૂટર સાયન્સ વિભાગને રૂા. ૨૩.૫ લાખ તથા બાયોસાયન્સ વિભાગને રૂા. ૪૧.૬૦ લાખની ગ્રાંટ પ્રાપ્ત થઈ છે.
- યુજીસી દ્વારા યુનિવર્સિટીને એડીશનલ આસિસ્ટન્સ અંતર્ગત રૂા. ૨ કરોડનું વધારાનું અનુદાન મળ્યું છે. આમ, રાજ્ય સરકાર અને યુજીસી દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિને વધુ વેગવાન બનાવવા વખતોવખત ગ્રાંટ મળતી રહી છે.
- શિક્ષણ અને સંશોધનના નૂતન આયામો સર કરવા માટે જાપાનની કાગોશીમા યુનિવર્સિટી સાથે એમઓયુ કરવામાં આવ્યા છે. પરદેશના શિક્ષકો અને જ્ઞાનોત્સુક વિદ્યાર્થીઓ આપણી યુનિવર્સિટીમાં આવે અને આપણા અધ્યાપકો અને વિદ્યાર્થીઓ પરદેશની યુનિવર્સિટીમાં જાય તેવો શુભ હેતુ આ એમઓયુ કરવામાં રહેલો છે.
- ઓલ ઈન્ડિયા પ્રિન્સિપાલ એસોસિએશનની ૧૩મી રાષ્ટ્રીય કોન્ફરન્સનું ત્રણ દિવસ માટે આપણી યુનિવર્સિટી દ્વારા પ્રથમવાર આયોજન કરવામાં આવ્યું. જેમાં દેશભરમાંથી ૨૧૦ જેટલા પ્રિન્સિપાલશ્રીઓ ઉપસ્થિત રહયા જેનું ઉદ્દઘાટન જાણીતા ચિંતક શ્રી ગુણવંત શાહના હસ્તે અને પૂર્ણાહુતિ રાજય કક્ષાના શિક્ષણ મંત્રી માનનીય પ્રો. વસુબેન ત્રિવેદીના હસ્તે થયું.
- ગુજરાત રાજયના સાંસ્કૃતિક વિભાગ દ્વારા પં. ઓમકારનાથ શાસ્ત્રીય મહોત્સવના આયોજન માટે યુનિવર્સિટીને રૂા. ૫૦ લાખ ફાળવવામાં આવ્યા છે.
- યુનિવર્સિટીના ઈતિહાસમાં સૌપ્રથમવાર બે દિવસ માટે પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રૂા. ૧૬ લાખના પુસ્તકોનું વેચાણ થયું.
- યુનિવર્સિટી માટે એમ્બ્યુલન્સ ખરીદવામાં આવી.
- વિદ્યાર્થીઓને યુનિવર્સિટી ખાતે આવવા-જવામાં પડતી અગવડ નિવારવા માટે માનનીય સાંસદશ્રી સી.આર. પાટીલની ગ્રાંટમાંથી રૂા. ૧૫ લાખની બસ ખરીદવા ફાળવણી કરવામાં આવી.
- આદિવાસી પછાત વિસ્તારની પાંચ સરકારી કોલેજો માટે યુજીસી દ્વારા રૂા. ૪૦ કરોડની ગ્રાંટ પ્રાપ્ત થઈ છે. જેમાંથી ઝઘડીયા, માંગરોળ, કપરાડા અને સાગબારા ખાતે આર્ટ્સ કોલેજ અને આહવા ખાતે સાયન્સ કોલેજ બનશે. પ્રત્યેક કોલેજને રૂા. ૮ કરોડની ગ્રાંટ ફાળવવામાં આવી છે. જેથી આદિવાસી અને પછાત વિસ્તારના વિદ્યાર્થીઓને જ્ઞાન મેળવવાની ઉજળી તક મળી રહેશે.
- સાંપ્રત સમયની સાથે કદમ મિલાવીનેઅ ચાલવા માટે આપણા રાષ્ટ્રનું જીવન આવતીકાલે કેવું હશે એ પર નજર રાખીને આપણી યુનિવર્સિટીમાં વિશેષરૂપે પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. આપણો વિદ્યાર્થી પાછળ ન રહે, વિકાસોન્મુખ બને, જ્ઞાનની વિસ્તરતી અને વિકસતી ક્ષિતિજોને આંબી શકે, પોતાનાં કર્તવ્ય અને આજીવિકા માટે યોગ્ય રીતે તૈયાર થઈ શકે તેવું શિક્ષણ આપવા આપણી આ યુનિવર્સિટી તેના ધ્યેયો સાથે પ્રતિબધ્ધ છે.

સમાજ પણ યુનિવર્સિટીના મહત્વને સ્વીકારે એની વધુને વધુ પ્રગતિ માટે યોગદાન આપવા લાગ્યો છે. જ્ઞાન ઉદ્દભવ અને તેનું સંવર્ધન કશા અવરોધ વગર નિરંતર ચાલી રહયા છે અને વિદ્યા સાધનાનું તેજ પ્રગટ થઈ રહયું છે તે જોઈ રાજી થવાય છે.

૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૨

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## AICP Conference




એસોસિએશન ઓફ ઈન્ડિયન કોલેજ પ્રિન્સીપાલનું ૧૩મું અધિવેશન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને ઓલ ઈન્ડિયા કોલેજ પ્રિન્સીપાલ્સ એસોસિએશનના યજમાન પદે સુરતમાં તા. ૧૮-૨૦ ફેબ્રુઆરીએ યોજવામાં આવ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના માર્ગદર્શન અને સહયોગથી આ અધિવેશન શકય બન્યું છે. તેમનાં અને સાથી આચાર્યો તથા સિન્ડિકેટ સભ્યોએ પણ આ અધિવેશન સફળ બનાવવા અથાગ પ્રયત્નો કર્યા છે. કોઈ યુનિવર્સિટી દ્વારા સદર અધિવેશનનું આયોજન થયું હોય તેવી આ પ્રથમ ઘટના છે.

તા. ૧૮મી ફેબ્રુઆરી ઉદ્‌ઘાટન પ્રસંગે મુખ્ય અતિથિ પ્રખર શિક્ષણમંત્રી, પ્રબુધ્ધ ચિંતક અને મૂર્ધન્ય સાહિત્યકાર ડૉ. ગુણવંત શાહ હતા. તેમને માટે સુરતમાં આગમન પોતાના ગૃહમાં પુનઃઆગમન જેવું હતું. કી-નોટ વકતવ્યમાં તેમણે શિક્ષણમાં ગુણવત્તા અને શ્રેષ્ઠતા (Excellence) વિશે વાત કરી અને આજના વૈશ્વિક સંદર્ભમાં તક્ષશિલા અને નાલંદા વિશ્વવિદ્યાલયોમાં અપાતી શિક્ષણ વ્યવસ્થાની વાત કરી તેને આજનાં સંદર્ભમાં મૂલવવાની વાત કરી. માહિતી-જ્ઞાન અને શાણપણ તરફ ગતિ કરવા ઉપર ભાર મૂકયો. ભારતના મહાન મહાકાવ્યો રામાયણ અને મહાભારતના સંદર્ભો આપી તેમણે પોતાના વિચારોને સ્પષ્ટ કર્યા હતા. થયેલા સર્વેક્ષણોમાં ૭૩ દેશમાં ભારતનો ક્રમ ૭૨મો આવ્યો તે બાબત ચિંતાજનક છે એમ તેમણે જણાવ્યું. શિક્ષણમાં શ્રેષ્ઠતા માટે 'પારમિતા' શબ્દ વાપરતા તેમણે આચાર્યોને તે દિશામાં પ્રયાણ કરવા અનુરોધ કર્યો. ઋષિ ઉદ્દાલીકનું દ્રષ્ટાંત આપી તેમણે જણાવ્યું કે જ્ઞાનને કોઈ સીમા નથી અને પોતાની ભૂલનો સ્વીકાર કરવો તે મહાનતાની નિશાની છે. પૂર્વ અને પશ્ચિમનાં જગતના દાખલા આપી, ઋષિ ઉદ્દાલીક અને આઈનસ્ટાઈનનાં ઉદાહરણો સચોટપૂર્વક રજૂ કરી તેમણે તેમનો સંદેશો અસરકારક રીતે રજૂ કર્યો. છેલ્લે તેમણે અનુરોધ કર્યો કે યુ.જી.સી. એ બહેનો માટે ૨૦ યુનિવર્સિટી અને ૮૦૦ કોલેજો સ્થાપવાનું નકકી કર્યું તેનો વિરોધ કરવો જોઈએ કારણકે આ પ્રકારની વ્યવસ્થા સમાજના હિતમાં નથી.

અધ્યક્ષ પદેથી કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકરે ચારિત્ર્ય ગઠન ઉપર ભાર મૂકી જણાવ્યું કે ૨૦મી સદી શસ્ત્રની હતી. પરંતુ ૨૧મી સદી શાસ્ત્રની એટલે કે જ્ઞાનની સદી છે. માટે જ્ઞાનની ઉપાસના આચાર્યો, શિક્ષકો કરે તે જરૂરી છે. પ્રતિબધ્ધતા, પ્રમાણિકતા, નિષ્ઠા આજના સમયમાં શિક્ષણમાં અનિવાર્ય છે, તેમ તેમણે જણાવ્યું. તેમણે કેમ્પસ ઉપર વિશ્વગુરૂ વિવેકાનંદ અને માતા સરસ્વતીના મંદિરોનું બાંધકામ ટૂંક સમયમાં શરૂ થશે તેવી જાહેરાત પણ કરી. અધિવેશનની શરૂઆતમાં સેક્રેટરી-જનરલ પ્રિ. સુભાષ બ્રહમભટ્ટે ગુણવત્તા સભર શિક્ષણ ઉપર ભાર મૂકી જણાવ્યું કે આજે ગુણવત્તાનું ધોરણ નીચું ગયું છે. જે ચિંતાજનક છે. વિદ્યાર્થીઓને ગુણવાન, શિસ્તબધ્ધ, ચારિત્ર્યવાન આદર્શ નાગરિકો બનાવવા ઉપર ભાર મૂકયો. તેમણે યુવાન અને પ્રગતિશીલ કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકરને બિરદાવી તેમની યશસ્વી કામગીરી માટે શુભેચ્છા પાઠવી.

AICP ના લાઈફ મેમ્બર ડૉ. દક્ષેશ ઠાકરને આચાર્યમાંથી કુલપતિ બનવા બાબતે AICP તરફથી માનપત્ર આપવામાં આવ્યું હતું.

એસોશીએશનના પ્રમુખ ડૉ. સેંગોદનને માહિતી સભર વ્યાખ્યાનમાં આચાર્યો સમક્ષ પડેલા પડકારોની વાત કરી. અંતમાં ડૉ. યુ.ટી. દેસાઈએ આભાર વિધિ કરી અને શરૂઆતમાં કુલસચિવશ્રી મહેતાએ આવકારી શુભેચ્છા પાઠવી.



તા. ૧૯-૨-૧૨ના રોજ રાજયના ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ રાજયમંત્રી વસુબેન ત્રિવેદીએ દેશભરથી આવેલા આચાર્યોને સંબોધતા જણાવ્યું કે, દુનિયાની નજર ગુજરાત પર છે અને ગુજરાતના મુખ્યમંત્રીની નજર શિક્ષકો પર છે. દેશના ભાવી નિર્માણ માટે શિક્ષકમાં અનુશાસન, જ્ઞાનવૃદ્ધિ અને જીવનદ્રષ્ટી એમ ત્રણ ગુણો હોવા ખૂબ જરૂરી છે. આપણે વિદ્યાર્થીઓને એજયુકેટ કરીએ છીએ પરંતુ તેમના જીવનઘડતર માટે સંસ્કૃત કરતા નથી તેથી શિક્ષકોએ અભ્યાસની સાથે જીવનઘડતર પર વિશેષ ભાર આપવાની જરૂર છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, જયારે શિક્ષકમાં આકાંક્ષાની સાથે મહત્વાકાંક્ષા જોડાઈ જાય છે. ત્યારે તકલીફ પેદા થતી હોય છે. જયારે ભારત વિશ્વ ગુરૂ બનવાની દિશામાં આગળ વધી રહયું છે ત્યારે શિક્ષકોની જવાબદારી ખૂબ વધી જાય છે. તેમણે એમ્બીશનની સાથે મિશનને જોડી નવી સદીનું નિર્માણ કરવા આચાર્યોને અપીલ કરી હતી.

કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે આચાર્યોને મુસિબતોમાંથી પણ નવી દુનિયા બદલવાની પ્રેરણા આપી હતી. આ પ્રસંગે શિક્ષણ વિભાગના પ્રો. ડૉ. દિપીકાબેન શાહ દ્વારા તૈયાર કરવામાં આવેલ ઈ-જર્નલનું વિમોચન પ્રો. વસુબેન ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કુલસચિવશ્રી પ્રો. જે.આર. મહેતા, સેનેટ-સિન્ડિકેટના સભ્યશ્રીઓ અને પ્રતિનિધિશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન અંગ્રેજી વિભાગના વડા ડૉ. રાકેશભાઈ દેસાઈએ કર્યું હતું.

# કોલેજ ન્યૂઝ

## ઉજવણી

વી.ટી. ચોકસી બી.એડ્. કોલેજ, સુરતનો વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ ઈન્ટરનેશનલ સેમિનારના ભાગ રૂપે યુનિવર્સિટીના કન્વેન્શનલ હોલમાં યોજવામાં આવ્યો હતો. પ્રસ્તુત કાર્યક્રમમાં સમૂહગીત, ગણેશ સ્તુતિ, નાગદમન અને શીવરંજની જેવાં શાસ્ત્રીય નૃત્યોની કોરિયોગ્રાફી કોલેજની તાલીમાર્થી ભૂમિકા મજમુદાર,

સોનલ પ્રજાપતિ અને પ્રીતિ ગવલીએ કરી હતી. ડિમ્પી વાંકાવાલા ગૃપ દ્વારા રાસ રજૂ થયો હતો. આદિવાસી નૃત્ય તેમજ દેશભકિત નૃત્ય ભૂપેશ ટંડેલ ગૃપ દ્વારા રજુ થયા હતા. શ્રદ્ધા પંડયાએ પ્રાર્થના અને ગીતોને પોતાના મધુર સ્વરથી વ્યંજિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમની ઉદ્‌ઘોષણા જતીન જરીવાલા, સાક્ષીનાગપાલ અને ક્રિતી મધ્યાનીએ કરી હતી. કોલેજના આચાર્યશ્રી અને તમામ અધ્યાપકોએ કાર્યક્રમને સફળ બનાવવા ઉષ્માપૂર્ણ સહયોગ આપ્યો.

શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્, કોલેજ, ભેસ્તાનમાં પ્રા. વિશ્વાબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ ‘‘અંગ્રેજી દિવસ’’ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અતિથિવિશેષ પદે કોલેજ ઓફ એજયુકેશન, દમણના પ્રા. શ્રીમતી દિપીકાબેન મહેતા રહયા હતા. તેમણે સૌ તાલીમાર્થીઓને વર્તમાન સમયમાં અંગ્રેજીના મહત્વ વિશે જણાવી અંગ્રેજી પર પ્રભુત્વ મેળવવાની હાકલ કરી હતી. અંગ્રેજી પધ્ધતિના તાલીમાર્થીઓની સાથે સાથે અન્ય પધ્ધતિના તાલીમાર્થીઓએ નાટક, નૃત્ય, સમૂહગીત, વકતવ્ય વગેરે દ્વારા અંગ્રેજી પરના પ્રભુત્વનો પરિચય કરાવ્યો હતો. તદ્‌પરાંત ‘સ્પોર્ટસ ડે’ની ઉજવણી પ્રસંગે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. ‘‘મતદાન જાગૃતિ દિવસ’’ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીઓએ નાટક ભજવ્યું હતું તથા એક માનવસાંકળ રચી માનવએકતાનો પરિચય કરાવ્યો હતો. આ ઉપરાંત ‘‘પ્રજાસત્તાક પર્વ’’ની પણ ઉજવણી પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત કરવામાં આવી હતી.

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં ગાંધી નિર્વાણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ગાંધીજીના જીવન પ્રસંગો, ગાંધી ગીત, દેશભકિત ગીત વગેરેની રજૂઆત કરી હતી.

આર્ટસ-કોમર્સ કોલેજ, મોટાપોંઢામાં તા. ૨૫-૧-૧૨ના રોજ રાષ્ટ્રીય પર્વ મતદાર-યુવાપર્વની ઉજવણી થઈ. જેમાં મામલતદાર અને વલસાડ જિલ્લા અધિકારીની ઉપસ્થિતિમાં રેલીનું આયોજન થયું હતું. બંને અધિકારીઓએ મતદાર અને ઓળખપત્ર પર વકતવ્ય આપ્યું હતું. પ્રિ. બી.એન. જોશીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં દેશના બંધારણની સાથે સાથે ઈતિહાસ વિષે અને પ્રા. આર. એલ. પટેલ તથા પ્રા. એન.એન. પરમારે મતદાર નોંધણી અંગે વિચારો રજૂ કર્યા હતા. તદ્‌પરાંત વલસાડ જિલ્લા ચુંટણી પંચ દ્વારા ૨૫-૧-૧૨ના રોજ યોજાયેલ વિવિધ સ્પર્ધાઓ પૈકી સ્વરચિત સ્પર્ધામાં કોલેજે પ્રથમ અને તૃતીય નંબર પ્રાપ્ત કરેલ છે. જેમાં પ્રથમ ક્રમને જિલ્લા કક્ષાએ ૧૫૦૦૦ રૂા., ત્રીજો ક્રમ મેળવનારને ૫૦૦૦ રૂા. અને રંગલા-રંગલી નાટકને ૧,૦૦૦ રૂા. નું ઈનામ અને સન્માન પત્ર મળેલ છે.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ દ્વારા યોજાયેલ ચેરીટી ડેની ઉજવણીમાં ચેરીટી માટે ફંડ એકત્રિત કરવામાં આવ્યું હતું. તદ્‌પરાંત તા. ૨૩-૧-૧૨ના રોજ યોજાયેલ ગીત સ્પર્ધામાં ચોવીસ સ્પર્ધકોએ ભાગ લીધો. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સંગીત શિક્ષિકા શ્રીમતિ સંગીતા અત્તરદે તથા શ્રીમતિ સુહિતાબેન બુચે સેવા આપી હતી. વિજેતાઓમાં ભાઈઓમાં પ્રથમ- રોમીન મહેતા, દ્વિતીય-જેસલ ભટ્ટ, તૃતીય-પીકલ માહયાવંશી, બહેનોમાં પ્રથમ-હર્ષિદા નીકમ, દ્વિતીય-શ્રેયા પંડયા અને તૃતીય-યામિની ટંડેલ, બિંદી પંડયા રહયા હતા. કોલેજ અને શાહ કે.એમ. લો કોલેજના સંયુકત ઉપક્રમે તા. ૨૬-૨-૧૨ના રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજ પરિવારે ભાગ લીધો હતો. જેમાં લો કોલેજના પ્રિ. જે.ટી. દેસાઈના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું અને એન.સી.સી. કેડેટસે પરેડનું આયોજન કર્યું હતું. તા. ૨૦-૧-૧૨ના રોજ યોજાયેલ રાસ-ગરબા ડેની ઉજવણીમાં સાંસ્કૃતિક સમિતિના વિદ્યાર્થીઓના ગૃપ દ્વારા સંગીત-લયમાં રાસ-ગરબા ગવડાવવમાં આવ્યા હતા. તા. ૨૪, ૨૫ જાન્યુઆરી દરમ્યાન સ્પોર્ટસ ડેની ઉજવણી કરવામાં આવી. જેમાં ક્રિકેટ, વોલીબોલ, સંગીત ખુરશી, ચેસ, કેરમની રમતો રમવામાં આવી. પૂર્ણાહૂતિ પ્રસંગે વિજેતાઓને ટ્રોફી અને મેડલ પ્રિ. જે.એમ. નાયક અને ડોકટરશ્રી પંકજભાઈ દેસાઈ તથા અધ્યાપકોના હસ્તે એનાયત કરવામાં આવ્યા. ટ્રોફીઓ જી.એસ. યામીની ટંડેલ દ્વારા અને મેડલો નગરપાલિકાના પ્રમુખ રાજુભાઈ મરચાવાલા તરફથી સ્પોન્સર કરવામાં આવ્યા.

શ્રી એમ.કે. મહેતા કોલેજ ઓફ એજયુકેશન, ઉમરગામમાં તા. ૮-૧-૧૨ના રોજ વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી. જેમાં શ્રી રમણભાઈ પાટકર, શ્રી કે.એલ. તબીયાડ, શ્રી વિષ્ણુકુમાર અગ્રવાલ, શ્રી સંજયભાઈ દેસાઈ, પી.આઈ. દેસાઈ અને પ્રમુખશ્રી સુરેશભાઈ મહેતા ઉપસ્થિત રહયા હતા. આ ઉજવણીમાં વિદ્યાર્થીઓએ વૈવિધ્યસભર કૃતિઓની રજુઆત કરી હતી અને વાત્સલ્યમૂર્તિ વિષય પર નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. શ્રી સુરેશભાઈ મહેતા અને શ્રી રમણભાઈ પાટકર દ્વારા ‘મા’ વિષે વકતવ્ય આપવામાં આવ્યું હતું. શ્રી સુરેશભાઈ મહેતા તરફથી પાંચ લાખ, શ્રી વર્મા તરફથી એકાવન હજાર, પીપ્પુટકર પરિવાર તરફથી એકાવન હજાર અને શ્રી રમેશભાઈ પટેલ તરફથી અગિયાર હજાર એકસો અગિયાર રૂપિયા દાન આપવામાં આવ્યું હતું.

સરકારી વિનયન અને વાણિજય કોલેજ, ભીલાડ ખાતે તા. ૨૬-૧-૨૦૧૨ના રોજ ગીત સંગીત નૃત્યધારા અંતર્ગત દેશભકિત ગીતનું આયોજન કરવામાં આવ્યું. હતું. જેમાં પ્રિ. ડૉ. આર.એમ. પાંડેયએ દેશભકિતનું મહત્વ સમજાવ્યું હતું.

સરકારી વિજ્ઞાન કોલેજ, ચીખલીમાં તા. ૧૩-૧-૧૨ના રોજ પતંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. તથા તા. ૨૫-૧-૧૨ના રોજ મતદાન-દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં મતદાન જાગૃતિ અંગેની તાલુકાકક્ષાની પોસ્ટર સ્પર્ધામાં પટેલ ઈરીકા પ્રથમ અને વકતૃત્વ સ્પર્ધામાં પટેલ દિવ્યેશ દ્વિતિય નંબરે વિજેતા થયા હતા. તા. ૨૬-૧-૧૨ના રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. તદ્‌પરાંત કલેકટરશ્રીની સુચના મુજબ તા. ૩૦-૧-૧૨ના રોજ પ્લાસ્ટીક ડેની ઉજવણી કરવામાં આવી હતી.

પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગ રૂપે બીલીમોરા સ્થિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયમાં ગાયત્રીબેન પટેલના માર્ગદર્શન હેઠળ તાલીમાર્થીઓએ પોતાના કાર્યક્ષેત્ર સંદર્ભમાં હસ્તલિખિત અંક ‘‘પરિવર્તનની કેડીએ શિક્ષણ’’ તૈયાર કર્યો હતો. જેનુ વિમોચન બી.વી.કે. મંડળના વર્કીંગ કમિટીના ઈ.ચા. સેક્રેટરીશ્રી નટુભાઈ કેવટે કર્યું. ત્યારબાદ ગ્રંથપાલશ્રી કૌશલભાઈ ટંડેલના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલ કોલેજના વૈવિધ્ય સભર અને દુર્લભ પુસ્તકોના પ્રદર્શનને ખુલ્લુ મુકાયું હતું.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્. પી.ટી.સી., બી.બી.એ., બી.કોમ. અને બી.સી.એ.ના સંયુકત ઉપક્રમે રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવામાં આવી. તાલીમાર્થીઓએ ગીતો અને વકતવ્યો રજુ કર્યા હતા.

## સ્પર્ધા

The Inter- Law Colleges (affiliated with VNSGU) Moot Court competition was organized by Shah K. M. Law College, Valsad on 16-01-2012. Total 15 Students of 5 Law Colleges had participated in the competition. Shah K. M. Law College won the Rotating Trophy. The following three students will represent our uni. in the 27th All India Inter-Uni. Moot Court Competition to be organized on 17th -19th Feb. at Institute of Law, Nirma Uni. Ahemadabad. Shah K.M. Law College Valsad (1) Desai Jaldhi J. (2) Patel Hetalkumari S., V.T. Choksi., Law College, Surat (1) Vyas Radhesh Y.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ પાવર લીફ્ટીંગ સ્પર્ધા તા. ૨૩-૧૨-૧૧ના રોજ વી.બી. શાહ કોમર્સ કોલેજ અમરોલી મુકામે રમાઈ જેમાં નવયુગ કોમર્સ કોલેજ, સુરત યુનિવર્સિટીમાં ચેમ્પીયન બની હતી.

## સેમિનાર



નવયુગ સાયન્સ કોલેજ, સુરતમાં તા. ૨૪-૨૫ જાન્યુઆરી ૧૨ દરમ્યાન રીસન્ટ એડવાન્સીસ ઈન થીયરેટિકલ ફિઝીક્સ વિષય પર યુ.જી.સી. અનુદાનિત આઈ.પી.એ. અને મુંબઈ ચેપ્ટરના સહયોગથી રાજયકક્ષાનો સેમિનાર યોજાઈ ગયો. જેમાં બાર્ક મુંબઈના પ્રો. બી.એન. જગનાથ, મુંબઈ યુનિવર્સિટીના પ્રો. એ. રંગવાલા, ટી આઈએફઆર, મુંબઈના પ્રો. શ્રીરૂપ રાયચૌધરી તથા બીઆઈટીએસ, ગોવાના ડૉ. તરુણ ઝાએ ઓડિયો-વિઝયુઅલ દ્વારા માહિતી આપી હતી. વર્કશોપ દરમ્યાન વિદ્યાર્થીઓ માટે Origin and expanding universe થીમ પર પોસ્ટર પ્રેઝન્ટેશન સ્પર્ધા યોજવામાં આવી હતી. પ્રસાંગોચિત ઉદ્‌બોધનમાં પ્રિ. ડૉ. અશ્વિનભાઈ પટેલે સંશોધનની માહિતી, દિશા તેમજ વિષયના વિસ્તરણનો ખ્યાલ આપ્યો હતો.



સાર્વજનિક સોસાયટીના સ્થાપક સ્વ. શ્રી ચૂનીલાલ ગાંધીના જન્મદિવસ નિમિત્તે સોસાયટીના ચેરમેનશ્રી આર.જી. શાહના અધ્યક્ષ પદે બી.આર.સી.એમ. કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, સુરતમાં તારીખ ૨૩-૦૧-૧૨ના રોજ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ ''ગાઈડિંગ મેનેજમેન્ટ પ્રોજેક્ટ''નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં દક્ષિણ ગુજરાતની વિવિધ મેનેજમેન્ટ કોલેજોના વ્યાખ્યાતાઓને, તેમના વિદ્યાર્થીઓને પ્રોજેક્ટમાં કેવી રીતે ગાઈડન્સ આપવું તેના વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામ અંતર્ગત ડૉ. કિરણ પંડ્યા, ડૉ. વિપીન નાયક અને ડૉ. રેણુકા ગર્ગે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં દક્ષિણ ગુજરાતની કુલ ૧૭ બી.બી.એ. અને એમ.બી.એ. કોલેજોના ૪૫ વ્યાખ્યાતાઓએ ભાગ લીધો હતો.




ગુજરાત કેળવણી પરિષદ અને કમલા કોલેજ ઓફ એજયુકેશનના સંયુકત ઉપક્રમે આઈ.ઈ.ટી., ખોલવડમાં તા. ૪-૫-ફેબ્રુઆરી ૧૨ દરમ્યાન 'શિક્ષણ વિમર્શ' સેમિનાર યોજાઈ ગયો. જેના અતિથિ વિશેષ તરીકે પ્રમુખશ્રી કે.કે. પટેલ, ગુ.કે.મ.ના પ્રમુખશ્રી મનસુખભાઈ સલ્લા, મંત્રીશ્રી અરવિંદભાઈ દેસાઈ, પ્રિ. ડૉ. વિનોદ પટેલ, ડૉ. અશોક વ્યાસ અને શિક્ષણપ્રેમીઓ હાજર રહયા હતા. આ સેમિનારમાં શ્રી જયપ્રકાશભાઈ મહેતાએ 'વિદ્યાર્થીઓમાં વાચન અભિરૂચિનો વિકાસ'', ભરૂચ એમિટિના સંચાલકશ્રી રણછોડભાઈ શાહે 'શાળામાં શૈક્ષણિક ભાવાવરણનું નિર્માણ'', શ્રી રતિલાલ બોરીસાગરે ''ભાષા અને સંસ્કૃતિ'', ડી.આઈ.જી. શ્રી હસમુખ પટેલે ''સર્જનાત્મકતાના વિકાસમાં શાળાનો ફાળો'', ડૉ. વિજય સેવકે ''સર્જનાત્મકતાના મૂળ અને તેનો વિકાસ'', શ્રી રતિલાલ બોરીસાગરે ''સર્જનાત્મકતાના વિકાસમાં કુટુંબ અને કલા સાહિત્યનો ફાળો'', શ્રી પ્રતાપભાઈ ત્રિવેદીએ ''સહઅભ્યાસ પ્રવૃત્તિઓને શૈક્ષણિક કેમ બનાવી શકાય ?'', ડૉ. અશોકભાઈ વ્યાસે ''અંગ્રેજી શિક્ષણને અસરકારક બનાવવા તેમણે કરેલા સફળ પ્રયોગો'' અને શ્રી મનસુખભાઈ સલ્લાએ ''અનુબંધિત શિક્ષણ'' પર વકતવ્યો આપ્યા હતાં. શ્રી મનસુખભાઈ સલ્લાએ પ્રસંગોચિત વકતવ્ય આપ્યું હતું.

## વ્યાખ્યાન



ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રેરિત અને શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડના ઉપક્રમે તા. ૨૫-૦૧-૧૨ના રોજ 'ઉશનસ વ્યાખ્યાન માળા'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું દીપ પ્રાગટય કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વ્યાખ્યાનમાળાના મુખ્ય વકતા પ્રિ. ડૉ. જગદીશ ગૂર્જરે 'ઉશનસ્‌ની કવિતામાં પ્રકૃતિ' પર મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. ઈ.ચા. પ્રિ. ડૉ. રશ્મિબેન દેસાઈએ ઉપસ્થિત મહેમાનોનું શબ્દો અને પુષ્પોથી સ્વાગત કર્યું હતું. પ્રા. ડૉ. આર.ડી. ઠાકોરે 'ઉશનસ્ વ્યાખ્યાનમાળા'નો ઉદ્દેશ સમજાવતા પ્રારંભિક ભૂમિકા બાંધી આપી હતી. પ્રા. પી.ઝેડ. દેસાઈએ ઉપસ્થિત મહેમાનોનો સંક્ષિપ્ત પરિચય આપ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત ડૉ. રમણ સોનીએ ઉશનસ્‌ની કવિતાનો વિવેચનાત્મક અભ્યાસ રજૂ કર્યો હતો. કવિશ્રી ઉશનસ્‌ની સ્મૃતિમાં શરૂ કરેલ ઉશનસ્ આંતર કોલેજ કાવ્યપઠન સ્પર્ધામાં વિવિધ કોલેજના કુલ ૧૩ સ્પર્ધકોએ ભાગ લઈ ઉશનસ્‌ની કવિતાનું પઠન

કર્યું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રી રમણભાઈ સોની અને કવિશ્રી રમણિક સોમેશ્વરે સેવા આપી હતી. સ્પર્ધાના પ્રથમ વિજેતા આર્ટ્સ કોલેજ, વલસાડના કુ. કિન્નરી પટેલ રહયા હતા. જયારે દ્વિતીય ક્રમે કહાનવાડી - આણંદ કોલેજના શ્રી સૈયદ વારીસઅલી એસ. અને તૃતીય ક્રમે આર્ટ્સ કોલેજ વલસાડની કુ. બુલબુલ તિવારી રહયા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. વર્ષાબેન પટેલે કર્યું હતું. અને આભારવિધિ પ્રા. શ્રી ભરતસિંહ ઠાકોરે કરી હતી.

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં તા. ૧૭-૧-૧૨ના રોજ ડૉ. પ્રફુલસિંહ રાજનું "માનવસંબંધો અને શિક્ષણ" વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. તજજ્ઞશ્રીએ માનવસંબંધો અંતર્ગત માનવ સ્વભાવની વિવિધ વિશેષતાઓ અને વર્તમાન સમયમાં માનવસંબંધની વ્યકિત, શાળા, સંસ્થા, સમાજ, કુટુંબના સંદર્ભમાં જીવંત ઉદાહરણો આપ્યા હતા.

શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાનમાં આંતર કોલજ વિસ્તરણ વ્યાખ્યાન કાર્યક્રમ અંતર્ગત ડૉ. જે.પી. ગોહિલનું "શાળા વ્યવસ્થાપનમાં તંદુરસ્ત માનવસંબંધો" વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું.

## સ્વામી વિવેકાનંદ

શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજની નાયર ઐશ્વર્યા એ સ્વામી વિવેકાનંદજીની ૧૫૦ મી જન્મજયંતી નિમિત્તે સર્વોદય બી.એડ્. કોલેજ દ્વારા આયોજિત વકતૃત્વ સ્પર્ધામાં તૃતીય ક્રમ પ્રાપ્ત કરેલ છે.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં રાષ્ટ્રીય સેવા યોજના અને લાયબ્રેરી સમિતિના સંયુકત ઉપક્રમે સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતી ઉજવણીના પરિપ્રેક્ષ્યમાં ધરમપુરના તબીબ ડૉ. દોલતભાઈ દેસાઈનું "સ્વામી વિવેકાન્દ એક વિરલ વ્યકિતત્વ" વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું હતું. ડૉ. દોલતભાઈ દેસાઈએ સ્વામી વિવેકાનંદજીના વિરાટ વ્યકિતત્વનો ખ્યાલ તેમના દેશપ્રેમ અને યુવાનો પ્રતિની શ્રદ્ધાના વિવિધ પાસાઓના સંદર્ભો આપ્યા હતા.

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૧૨-૧-૧૨ના રોજ શ્રી સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે વેડ રોડ, સુરત ખાતે "ભવ્ય મશાલ રેલી" નું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૨-૧-૧૨ના રોજ સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારામાં સ્વામી વિવેકાનંદની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ સ્વામી વિવેકાનંદને લગતા નાનામોટા સૂત્રોના પોસ્ટરો પ્રદર્શિત કર્યા હતા તેમજ ગામીત શુમ્યીઅલે પ્રવચન આપ્યું.

તા. ૧૨-૧-૧૨ના દિને શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડમાં સ્વામી શ્રી વિવેકાનંદજીની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમમાં શ્રી શારદામઠ, વલસાડના સન્યાસીનીઓ નિખિલ પ્રાણા અને સુગત પ્રાણા તથા કોલેજના નિવૃત્ત પ્રા. ડૉ. પુનિતાબેન ઉપસ્થિત રહયા હતા. સ્વામી શ્રી વિવેકાનંદજીના જીવન અને કવન ઉપર સન્યાસીની નિખિલ પ્રાણાએ સ્વામીજીના જીવનના પ્રસંગોને ટાંકી માહિતીસભર, પ્રેરક વકતવ્ય આપ્યું હતું. ડૉ. પુનિતાબેન દેસાઈએ શ્રી શારદામઠની વિવિધ પ્રવૃત્તિઓથી સર્વને માહિતગાર કર્યા હતા. સ્વામીજીની જન્મજયંતી ઉજવણી નિમિત્તે એક પ્રદર્શનનું આયોજન ત્રણ દિવસ માટે કરવામાં આવ્યું. ઉપરાંત કોલેજના વિદ્યાર્થીઓ માટે એક નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૪૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. વિજેતા સ્પર્ધકોને ઈનામો તથા સ્પર્ધકોને સર્ટીફીકેટનું વિતરણ કરવામાં આવ્યું. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. બીના વાય. દેસાઈએ કર્યું. આભારવિધિ પ્રા. જીજ્ઞાબેન દેસાઈએ કરી.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં સ્વામી વિવેકાનંદની જન્મજયંતી પ્રસંગે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વામીજીના આદર્શો અને સુકિતઓના નારાઓ લગાવવામાં આવ્યા હતા.

## એન.એસ.એસ.

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડ અને કુંભારી ગ્રામ પંચાયતના સંયુકત ઉપક્રમે કોલેજનો એન.એસ.એસ. વાર્ષિક શિબિર 'તંદુરસ્ત સમાજ માટે યુવાનો' ઓલપાડ તાલુકાના કુંભારી ગામે યોજાયો હતો. આ શિબિરનો ઉદ્‌ઘાટન સમારંભ સાયણ સુગરના ચેરમેન શ્રી કેતનભાઈ પટેલના પ્રમુખપદે યોજાયો હતો. જેના ઉદ્‌ઘાટક તરીકે કુંભારીના વતની ઈન્ટેલિજન્ટ ગાઈડન્સના સંચાલક પ્રા. આઈ.જી. પટેલ અને મુખ્ય મહેમાન તરીકે માજી ધારાસભ્ય શ્રી ધનસુખભાઈ પટેલ તથા અતિથિ વિશેષ તરીકે યુનિવર્સિટીના એન.એસ.એસ. પ્રોગ્રામ કોઓર્ડીનેટર ડૉ. એ.એન. માલવિયા, સાયણ સુગરના ડીરેકટર શ્રી નગીનભાઈ પટેલ, પિયતમંડળી કુંભારીના પ્રમુખ શ્રી ચંપકભાઈ પટેલ, સુરત જિલ્લા પંચાયતના સભ્ય શ્રીમતિ સુધાબેન પટેલ અને કોલેજ સંચાલક મંડળના સભ્ય શ્રી વસંતભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા. શિબિર દરમ્યાન વિવિધ વિષયો પર વ્યાખ્યાન યોજવામાં આવ્યા હતા. જેમાં ઓલપાડ કોલેજના પ્રિ. આઈ.એમ. પટેલ, પ્રા. આર.બી.ઢીમર, પ્રા.ડી.એસ. કોન્ટ્રાકર, પ્રા. જે.એમ. રાણા, પ્રા. આર.બી. પટેલ, ડૉ. આર.પી. પટેલ, પ્રા. આર.એસ. માછી, પ્રા. જી.આર. ગરાસિયા, પ્રા. એસ.પી. લલાણી, પ્રા. કે.એમ. ટંડેલ, શ્રી વાય.એન. જડાજણિયા, વ્યારા કોલેજના પ્રિ. એચ.વાય. ખરવાસિયા, ધારૂકાવાળા કોલેજના પ્રિ. દિલીપભાઈ વરસાણી, પ્રા. ડૉ. મહેશભાઈ પટેલ, વગેરે વકતાઓનો સમાવેશ થાય છે. ઉપરાંત સિવિલ હોસ્પિટલના શ્રી પંકજભાઈ ચૌહાણ અને અંજનાબેન પ્રજાપતિએ એઈડ્સ જાગૃતિ વિશે માહિતી આપી હતી. શિબિર દરમ્યાન ચશ્મા શિબિરમાં કુલ ૮૮ થી વધુ દર્દીએ લાભ લઈ કેમ્પને સફળ બનાવ્યો હતો. શિબિર દરમ્યાન ગામના વિવિધ ક્ષેત્રોની સફાઈની કામગીરી કરવામાં આવી હતી. પ્રા. ડૉ. વિનોદભાઈ પટેલ ગામની સામાજિક આર્થિક મોજણી કરી એક પ્રોજેકટ તૈયાર કર્યો હતો. વાનગી, ગૃહસુશોભન, રંગોળી, ભજન, લોકગીત, ફિલ્મીગીત, દેશભકિતના ગીતો, ગરબા, ચિત્રકામ, મહેંદી, ક્રિકેટ જેવી સ્પર્ધાઓમાં શિબિરાર્થીઓ અને ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા હતા. શિબિરનો પૂર્ણાહુતિ સમારંભ ઓલપાડ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કાંતિભાઈ પટેલના પ્રમુખપદે યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે લુના કેમિકલ્સ, અસનાડના જનરલ મેનેજર રામાક્રિષન તથા અતિથિવિશેષ તરીકે કોલેજ સંચાલક મંડળના સભ્યો ઉપસ્થિત રહયા હતા. શિબિરને સફળ બનાવવા કોલેજ સંચાલક મંડળના ઉપપ્રમુખ શ્રી બળવંતભાઈ પટેલ, સહમંત્રી શ્રી ગોવિંદભાઈ પટેલ, કોષાધ્યક્ષ શ્રી છગનભાઈ પટેલ, પ્રિ. આઈ.એમ. પટેલ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો સર્વશ્રી નિવૃત પ્રો. ઓ.એ.ડી. પંચાલ, પ્રા. કે.જી. ચપટવાલા, ડૉ. વી.એન. પટેલ, તથા કુંભારી ગામના સરપંચ શ્રી હીરઓમભાઈ, ઉપસરપંચ શ્રી ભગવતીભાઈ પટેલ, કુંભારી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક શ્રી રાજેશભાઈ પટેલ, શિક્ષિકા રશ્મિબેન તથા ગામના ઉત્સાહી યુવાનો વગેરેએ જહેમત ઉઠાવી હતી. આ સમગ્ર શિબિરના ઉદ્‌ઘાટન અને પૂર્ણાહૂતિ કાર્યક્રમમાં સફળ સંચાલન અને એનાઉન્સર તરીકે પ્રો. ઓ.ડો. વિનોદ પટેલે સેવા આપી હતી અને આભાર વિધિ પ્રો. ઓ.પ્રા.કે.જી. ચપટવાલાએ કરી હતી.

## મહોત્સવ

જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી ૨૦૧૨માં બે દાયકા પૂરા કર્યા તે પ્રસંગે તા. ૭-૧ થી ૮-૧ દરમ્યાન દ્વિદશાબ્દી મહોત્સવ યોજાઈ ગયો. જેમાં કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, ટ્રસ્ટ પ્રમુખશ્રી કાન્તિકાકા, પૂર્વ કુલપતિશ્રીઓ પ્રેમકુમાર શારદા, અશ્વિનભાઈ કાપડિયા, ડૉ. બી.એ. પ્રજાપતિ, શ્રી જે.બી. શાહ, શ્રી શૈલેષભાઈ કબુતરવાલા, શ્રી મુકેશભાઈ શાહ, શ્રી ભાનુભાઈ શાહ, શાળા કોલેજોના ભૂતપૂર્વ આચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓ અને કોલેજ પરિવાર ઉપસ્થિત રહ્યું હતું. આ પ્રસંગે વિવિધ વકતાશ્રીઓએ કોલેજની પ્રગતિના વખાણ કરીને શુભેચ્છાઓ પાઠવી હતી. આ સમારોહમાં સુરત શહેરની તથા અમરોલી અને તેની આસપાસની શાળા-કોલેજોના આચાર્યોનું સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રિ. ડૉ. કે.એન. ચાવડાના કુશળ નેતૃત્વમાં કોલેજ પરિવારે સંપન્ન કર્યું હતું.

## ગૌરવ



આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડના એમ.કોમ. સેમે-૨ના વિદ્યાર્થી શ્રી રાયગુર આનંદ લાડુભાઈને ભારત સરકાર રમતગમત મંત્રીશ્રી અજય માકેનના હસ્તે ઈંદિરા ગાંધી નેશન એવોર્ડ આપવામાં આવ્યો હતો. તાજેતરમાં દિલ્હી ખાતે વિજ્ઞાનભવનમાં યોજાયેલ એન.એસ.એસ. એવોર્ડ ફંકશનમાં રાયગુરુ આનંદને રૂા. ૧૫૦૦૦/- નો ચેક, સીલ્વર મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ અગાઉ શ્રી રાયગુર આનંદે રીપબ્લિક ડે પરેડ કેમ્પ ૨૦૧૦, તથા તિરૂર, નાગપુર, નેવાઈ અને ડોડા ખાતે યોજાયેલ નેશનલ ઈન્ટીગ્રેશન કેમ્પમાં પણ ભાગ લીધો હતો.

## વાંચે ગુજરાત

- સર કે.પી. કોમર્સ કોલેજ, સુરતમાં વાંચે ગુજરાત અંતર્ગત ગ્રંથાલયમાં ઉપક્રમે નવીન વસાવવામાં આવેલાં પુસ્તકો તથા સામયિકોનું પ્રદર્શન પ્રિ. યુ.ટી. દેસાઈના માર્ગદર્શન તળે યોજાઈ ગયું.
- શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના આચાર્ય ડૉ. જે.એમ. નાયકનું "વાંચે ગુજરાત" અભિયાન અંતર્ગત કોલેજમાં થયેલી અદ્વિતીય કામગીરીને ધ્યાનમાં લઈને ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રીશ્રી શ્રી રમણલાલ વોરાના વરદ્ હસ્તે શાલ ઓઢાડીને તથા અભિવાદન પત્ર એનાયત કરીને અમદાવાદ ખાતે યોજાયેલા કાયક્રમમાં અભિવાદન કરવામાં આવ્યું હતું. અમદાવાદ શહેર, જૂનાગઢ શહેર અને વલસાડ જીલ્લાના જૂથમાં વાંચે ગુજરાતની ભાવિ દિશાની ચર્ચામાં પણ આચાર્ય ડૉ. જે.એમ. નાયકે સક્રિય ભાગ લીધો હતો. ચિલ્ડ્રન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરશ્રી હર્ષદભાઈ શાહે પોતાના ઉદ્‌બોધનમાં એ પણ જણાવ્યું હતું કે "વાંચે ગુજરાત" અભિયાનનું વર્ષ પૂર્ણ થયા પછી આ પણ કોલેજમાં નિરંતરપણે વિચાર-વાચન શિબિર, પુસ્તક પરિચય સ્પર્ધા, મને ગમતું પુસ્તક કાર્યક્રમ, પુસ્તક પ્રદર્શન વિગરે કાર્યક્રમો ચાલી રહયા છે.

## નાટક

બીલીમોરા વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સમાં ટી.વાય.બી.એ. અંગ્રેજી સ્પેશીયલ વિષયની વિદ્યાર્થિનીઓ દ્વારા શેકસપિયરના નાટક "એન્ટની એન્ડ કલીઓપેટ્રા"ના વિવિધ સીન ભજવવામાં આવ્યા હતા. નાટય રૂપાંતર સંપૂર્ણ રીતે અંગ્રેજીમાં સંદર રીતે તૈયાર કરવામાં આવ્યું હતું.

## સમારોહ





તા. ૧-૦૧-૧૨ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી એરિયા કોલેજ પ્રિન્સીપાલ એસોસિએશનના ઉપક્રમે ભાવનગર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. ડી.આર. કોરાટ અને યુનિવર્સિટીના કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકર તથા પ્રિ. જે.એમ. નાયક, પ્રિ. વી.કે. સંઘાણી સહિત ચાર નિવૃત આચાર્યોનો સન્માન સમારોહ યોજાયો. જેના પ્રમુખ સ્થાને પૂર્વ વાઈસ ચાન્સલેર ડૉ. અશ્વિન કાપડિયા ઉપસ્થિત રહયા હતા. પ્રિ. ડૉ. અશ્વિનભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. ડૉ. કાપડિયાએ નવા વર્ષની સહુને શુભેચ્છા પાઠવી, સાચા કામ માટે યુનિવર્સિટીના વિકાસમાં મંડી પડવા જણાવ્યું. વાઈસ ચાન્સેલર ડૉ. દક્ષેશ ઠાકર પણ યુનિવર્સિટીમાં સેમેસ્ટર સિસ્ટમના મોટા પડકાર માટે આચાર્યોને કટીબધ્ધ થવા અનુરોધ કર્યો હતો અને સૌને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે ડૉ. યુ.ટી. દેસાઈના જન્મદિનની ઉજવણી પણ કરવામાં આવી હતી.

## શિબિર

તા. ૧૦-૧-૧૨ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન, માંગરોલ ખાતે યોગ શિબિરનું આયોજન થયું જેમા આર્ટ ઓફ લિવિંગ યોગપરિવારના ૧. શૈલેષભાઈ રાંદરીયા, ૨. મૃગેશભાઈ બક્ષી, ૩. પીયુષભાઈ પટેલ, ૪. દિનેશભાઈ તડવી આવ્યા હતા. જેમાં દિનેશભાઈ તડવીએ યોગ વિશે માહિતી આપી હતી અને શૈલેષભાઈ રાંદેરીયાએ તાલીમાર્થીઓને યોગ અંગે સમજ આપી હતી અને વિદ્યાર્થીઓને યોગની અનુભૂતિ કરાવી હતી.

## વર્કશોપ

એસ.આર. બરજોરજી ગાર્ડા કોલેજ આર્ટસ એન્ડ પી.કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારીમાં આઈ.સી.એ. દ્વારા ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે તા. ૨૮-૧૨-૧૧ના રોજ અને તા. ૧૦-૧-૧૨ના રોજ એમ.કોમ.ના વિદ્યાર્થીઓ માટે જોબ ઓપરચ્યુનીટી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઈ.સી.એ.ના પ્રો. સુરેશ ચોકસી દ્વારા વિવિધ માહિતી આપવામાં આવી હતી.

# વાચન વિશેષ

## જી-સ્લેટ

જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીની એમ.કોમ. સેમેસ્ટર-૪ની વિદ્યાર્થિની કુ. સોનલ ધીરૂભાઈ ગજેરાએ "કોમર્સ" વિષયમાં જી-સ્લેટ પાસ કરેલ છે.

શ્રી જે.ડી. ગાબાણી કોમર્સ કોલેજ એન્ડ શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી કોલેજ ઓફ મેનેજમેન્ટમાં ફરજ બજાવતા વાણિજય તથા વેપારી કાયદા વિષયના આસિસ્ટન્ટ પ્રા. ચંદ્રેશ બી. મહેતા ઓકટોબર ૨૦૧૧માં લેવાયેલ જી-સ્લેટ પરીક્ષા કોમર્સ વિષયમાં ઉતીર્ણ થયા છે.

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ્.) સુરતના પ્રા. જીજ્ઞેશ જે. કંથારિયા ઓકટોબર-૧૧માં લેવાયેલ જી-સ્લેટ પરીક્ષા (વાણિજય વિદ્યાશાખા) ઉતિર્ણ કરેલ છે.

## પરિચય

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં પુસ્તક પરિચયમાં પ્રા. શ્રી કે.સી. પટેલે અમૃતલાલ વેગડ લિખિત 'તીરે તીરે નર્મદા'નો પરિચય કરાવ્યો હતો. આ પુસ્તકના વિવિધ પાસાઓની વાતો વણી લઈ તેમણે તેને સંસ્કૃતિ, માનવજીવન, પ્રકૃતિ અને કલા અને કવિતાનું પુસ્તક વર્ણવ્યું હતું.

## પ્રદર્શન

શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાનના "વાંચે ગુજરાત" અંતર્ગત યોજાયેલ પુસ્તક પ્રદર્શનનું ઉદ્દઘાટન ડૉ. જે.પી. ગોહિલે કર્યું હતું. આ પુસ્તક પ્રદર્શનનું આયોજન ગ્રંથપાલ કુ. નેજલ આર. પટેલે કર્યું.

## સ્વર્ણિમ ગુજરાત

સ્વર્ણિમ ગુજરાત ઉત્સવ અન્વયે એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં "રંગકલા કૌશલ્યધારા" હેઠળ તા. ૯-૧-૧૨ના રોજ રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણી પ્રસંગે પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. "સામુદાયિક ધારા" અને એન.એસ.એસ. અન્વયે તા. ૧૩-૧-૧૨ના રોજ "સ્ત્રી ભૃણ હત્યા" વિષય પર અસ્તિત્વ મહિલા ઉત્કર્ષ સંસ્થા, વલસાડના પ્રમુખ શ્રીમતી અર્ચનાબેન દેસાઈનું વ્યાખ્યાન યોજાય ગયું. "જ્ઞાનધારા" હેઠળ તા. ૧૩-૧-૧૨ના રોજ કારકિર્દી માર્ગદર્શન અંતર્ગત શ્રી દિપેશભાઈ શાહે માર્ગદર્શન આપ્યું તથા "જ્ઞાનધારા" હેઠળ તા. ૧૩-૧-૧૨ના રોજ નેશનલ ગૃપ સુરત દ્વારા એડવર્ટાઈઝમેન્ટ એનાલીસીસ સ્પર્ધા યોજવામાં આવી.

## પુસ્તક પરિચય

**દાદીમાના નુસખા.**
પ્રોફે. (ડો) મીનુ પરબીઆ, ડૉ દિનાઝ મીનુ પરબીઆ અને ડૉ. ફાલ્ગુની કિશોરભાઈ શેઠ. પ્રકાશક : સાહિત્ય સંગમ, સુરતઃ ૨૦૧૧. રૂ. ૧૩૦-૦૦.

યુનિવર્સિટીના બાયોસાયન્સ ડિપાર્ટમેન્ટના પૂર્વ અઘ્યક્ષ ડૉ. મીનુ પરબીઆ અને અન્ય લેખકોની સુરતના 'ગુજરાતમિત્ર'માં 'દાદીમાના નુસખા' નામે શરૂ થયેલી યાત્રાનો શબ્દદેહ એટલે આ પુસ્તક. પ્રોફે. મીનુ પરબીઆ વનસ્પતિવિજ્ઞાનના મનીષી છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં ૧૯૭૭ થી જૂન ૨૦૧૦ સુધી કાર્યરત રહયા. યુનિવર્સિટીના બાપાલાલ વૈદ્ય બોટનિકલ રિસર્ચ સેન્ટરના સ્થાપક છે. અને સાહેબશ્રીએ ઔષધિવિષયક જ્ઞાન શ્રી બાપાલાલ વૈદ્ય પાસેથી જ પ્રાપ્ત કરેલ છે. આમ છતાં, આ ગ્રંથના લેખકો નિખાલસતાથી દર્શાવે છે કે "આ ગ્રંથનો જ્ઞાનવારસો પરંપરાગત અનુભવજન્ય છે. આમાં અમારું પોતાનું મૌલિક સર્જન ભાગ્યે જ કાંઈ છે. જે કાંઈ સંશોધનો અમારી પ્રયોગશાળામાં થતાં તે વિશે વૈજ્ઞાનિક સંશોધનપત્રોમાં અમે વારંવાર લખતા રહયા છીએ. સંશોધનમાં રત રહેવાને કારણે એક સમજદ્રષ્ટિ વિકસે તેથી રજૂઆત બદલાય બાકી જ્ઞાન તો જે છે તે જ છે."

આ ગ્રંથમાં આશરે ૯૦૦ નુસખાઓને સંકલિત કરવામાં આવેલ છે. ઉપયોગોને અનુલક્ષી, વિવિધ ભાગોમાં તેમને વર્ગીકૃત કરવામાં આવેલ છે. પુસ્તકના છેલ્લા પાનાઓમાં વિષય સૂચિ આપી છે, જેમાંથી પદાર્થ તથા રોગ અનુસાર પાનાં નંબર શોધી જરૂરી નુસખા સુધી પહોંચી શકાય છે. તદ્પરાંત ઔષધિઓના નામ ગુજરાતી વર્ણાનુક્રમ અનુસાર સાથે અંગ્રેજીમાં પણ દર્શાવવામાં આવેલ છે.

આ ગ્રંથની સૌથી સરળ બાબત એ રહી છે કે ઔષધનું નામ, દવાનું નામ, વપરાયેલ દ્રવ્યો, લેવાની રીત અને કયા રોગમાં તે ઔષધ ઉપયોગી છે તેની સવિસ્તર માહિતી પણ આ ગ્રંથના છેલ્લા પાનાઓમાં આવરી લેવામાં આવી છે. અને આ ઔષધિઓને પ્રાપ્ત કરવા માટેનાં સરનામાં પણ આ પુસ્તકમાં ઉપલબ્ધ છે. એક હાથવગો અને સરળ ભાષામાં લખાયેલો અતિ ઉપયોગી ગ્રંથ સૌકોઈનાં ઘરમાં વસાવવામાં આવે તે ઈચ્છનીય છે.

આ ગ્રંથ લેખકશ્રી તરફથી ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે જે યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

ડૉ. બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : Dr. B J Ankuya, Assistant Librarian
Published by : J R Mehta, Registrar
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com